## નેશનલ હેલ્થ મિશન
## સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરી, ગાંધીનગર

- જાહેરાત ક્રમાંકઃ૬૫૨, તા.૦૯/૦૮/૧૬એન.એચ.એમ.અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબની ૧૧ માસની કરાર અધારિત જગ્યાઓ ફીક્સ મહેનતાણાંથી ભરવા માટે www.nrhm.gujarat.gov.in /requirement.htm વેબસાઈટ પર તા.૧૫/૦૮/૧૬થી તા.૨૨/૦૮/૧૬,રાત્રે ૧૨:૦૦કલાક સુધીમાં ઓન લાઇન ઉમેદવારી ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

| અ.નં | જગ્યાનું નામ | ભરવાપાત્ર જગ્યઓની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | ઉંમર | ફીક્સ મહેનતાણું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસટન્ટ (રાજય કક્ષાએ) | ૧ | Candidate must Possess valid degree D. Pharm, B. Pharm and M. Pharm in AYUSH pharmacy. and must be computer proficient for data management.<br>The Registration of these pharmacists is carried out at the state Ayurveda Registration Board, Ahmedabad. | લઘુતમ -૧૮ વર્ષ અને મહતમ ૪૦ વર્ષ | રૂ.૧૦૦૦૦/- |

- જરૂર જણાય તો કરાર કામગીરીને ધ્યાને લઇ રિન્યુ કરવાને પાત્ર રહેશે.
- ઉપરોકત ખાલી જગ્યાઓમાં વધારો/ઘટાડો થઇ શકે છે.

**<u>સામાન્ય સુચનાઓ</u>**

૧. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

૨. અરજી કરતા પહેલા વેબસાઇટ પર મુકવામાં આવેલ સુચનાઓનો કાળજી પૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે, ત્યારબાદ જ ઓન-લાઇન અરજી ફોર્મ ભરવું.

૩. ઉમેદવારે પોતાની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર ધ્યાને લઇ જે જગ્યા માટે પોતાની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર બધુ બંધબેસતું હોય તેવી જગ્યા માટે અરજી કરવાની રહેશે.

૪. **શૈક્ષણિક લાયકાત અંગેની સુચનાઓ.**

- ઉમેદવાર ભારતની સંસદ કે રાજય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત યુનિવર્સિટી કે સંસદના એક્ટ ધ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની જે તે સંવર્ગમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક પદવી કે તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.
- જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે. તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકુતતાની વિગતો આપવાની રહેશે.
- યુનિવર્સિટી અથવા કોઇ સંસ્થા માર્કસ ટકાવારીને બદલે CPI/CGPA/SGPA/OGPA/ગ્રેડ દર્શાવતી હોય, તો તેવા કિસ્સામા ઉમેદવારે તે માર્કસને યુનિવર્સિટી અથવા કોઇ સંસ્થાના માન્ય સુત્રમાં ટકાવારીમાં ગણતરી કરી અરજી ફોર્મમાં ટકાવારી જ દર્શાવવાની રહેશે. અને દરેક ઉમેદવારે પોતાના તમામ વર્ષના એગ્રીગેટ માર્કસ/ટકાવારી દર્શાવવાની રહેશે.જો કોઇ ઉમેદવાર અરજી ફોર્મમાં CPI/CGPA/SGPA/OGPA/ગ્રેડ દર્શાવશે તો તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
- સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ્ થવાને પાત્ર બનશે.

૫. **પ્રેકટીકલ ટેસ્ટ/ઈન્ટરવ્યુ અંગેની સુચનાઓ.**

- ઉમેદવારે નિયત ઓન-લાઇન અરજીમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રીયા માટે આખરી ગણવામાં આવશે.

- શોર્ટલિસ્ટેડ થયેલ ઉમેદવારોને ઇ-મેલ/એસએમએસ/લેખિત કોલલેટર ધ્વારા ઇન્ટરવ્યુ માટે જાણ કરવામાં આવશે. જેમાં સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.
- ઉમેદવારોએ ઇન્ટરવ્યુ સમયે અસલ અને પ્રમાણિત નકલ સાથે જન્મ, શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહેશે. અસલ પ્રમાણ પત્ર રજુ કરવામાં નહી આવે તો તેઓનું નામ પસંદગી યાદી/પ્રતિક્ષા યાદીમાંથી રદ કરવામાં આવશે.
- પ્રતિક્ષા યાદી નિમણુંક પત્ર ઇસ્યુ કર્યાની તારીખથી ૧૨ માસ સુધી અમલમાં રહેશે.
- ભરવાપાત્ર જગ્યાની સંખ્યાની સામે દરેક સંવર્ગની જરૂરીયાતને ધ્યાને લઇ સંવર્ગવાર અલગ-અલગ રીતે બે, પાંચ, સાત કે દશ કે તેથી વધુ ગણા ઉમેદવારને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.
- મેરીટના આધારે નિંમણુક આપવામાં આવશે અને જરૂર જણાયતો ઇન્ટરવ્યુ લેવામાં આવશે. તેમજ મેરીટના આધારેજ પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

૬. પસંદ થયેલ ઉમેદવારને રાજ્યના કોઇ પણ જિલ્લામાં નિમણુંક આપી શકાશે જે ઉમેદવારે સ્વીકારવાની રહેશે.

૭. આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે તથા આ તમામ નિમણુંક ૧૧ માસના કરાર આધારીત ફીક્સ મેહનતાણાની રહેશે.

૮. ઉમેદવારનું માસિક ફીક્સ વેતન જણાવ્યા મુજબ રહેશે તેમ છતાં આ ફિક્સ વેતનમાં વધારો/ઘટાડો કરવાની આખરી સત્તા સ્ટેટ હેલ્થ મિશનની રહેશે.

૯. અનુભવ મેળવેલ હોય તે પ્રત્યેક પ્રમાણપત્રમાં જગ્યાને અનુરૂપઅનુભવનો સમયગાળો દર્શાવેલ હોવો જોઇશે. અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૦. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ એટલે કે પૂર્ણ સમયનો અનુભવ ધ્યાને લેવામાં આવશે, પાર્ટ ટાઇમ કે આંશિક અનુભવ માન્ય રહેશે નહી.

૧૧. ઉમેદવારે અરજીમાં બતાવેલ કોઇપણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો અથવા વિગતો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણુંક અધિકારીને ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની નિમણુંક સક્ષમ સત્તાધિકારી ધ્વારા રદ્ કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

૧૨. નિયત નમુના વગરની તેમજ/અધુરી વિગતોવાળી અને કોઇ ક્ષતિ ભુલ ભરેલી અરજી રદ ગણવામાં આવશે.

૧૩. આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તેવા સંજોગોમાં આખરી નિર્ણય મિશન ડાયરેક્ટર (એન.એચ.એમ.)ને રહેશે.

૧૫. રજીસ્ટર પોસ્ટસ્પીડ પોસ્ટ તથા કુરીયરથી મોકલેલ અરજી માન્ય ગણવામાં આવશે નહી.

૧૬. સદર જગ્યાઓ કરાર આધારીત અને ૧૧ માસના ધોરણે ભરવામાં આવતી હોય કાયમી નિમણુંક માટે હકકદાવો કરી શકશે નહી તથા આ બાબતે કોર્ટ કેસ કરી શકશે નહી.

૧૭. એન.એચ.એમ અંતર્ગત હાલ જે જગ્યા ઉપર ઉપર ફરજ બજાવતા હોય તે જ જગ્યા ઉપર સદર જાહેરાતમાં ઉમેદવારી નોંધાવી શકશે નહી. અને જો ઉમેદવારી નોંધાવેલ હશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

૧૮. વધુ જાણકારી માટે મોબાઇલ નં.૦૭૯-૨૩૨૪૭૮૦૬ ઉપર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે.

**<u>પસંદગી પામેલ/પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોએ રૂબરુ મુલાકાત સમયે નીચે મુજબ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલો રજુ કરવાની રહેશે</u>**

જાહેરાત ક્રમાંક :- ...............................

જગ્યાનું નામ :- ...................

(આ યાદી ફક્ત ઉમેદવારોને મદદરૂપ થવા માટે છે. અર્થ ઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઇ તથા પરીક્ષા નિયમોની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૧ | એસ.એસ.સી/એચ.એસ.સી.ની માર્કશીટ તથ બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય તેની નકલ રજુ કરવાના રહેશે.( શાળા છોડ્યાના S.L.C. પ્રમાણપત્રમાં તફાવત માન્ય ગણાશે નહી) |
| ૨ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ રજુ કરવાના રહેશે. |
| ૩ | સ્કુલ લીવીંગ સર્ટીની નકલ રજુ કરવાની રહેશે. |
| ૪ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિધાશાખાના સ્નાતક / અનુસ્નાતક અંતિમ વર્ષની માર્કશીટની નકલ રજુ કરવાના રહેશે. |
| ૫ | કોમ્પ્યુટર અંગે માન્ય સંસ્થામાંથી CCC+ ની પરીક્ષા પાસના પ્રમાણપત્રની નકલ રજુ કરવાના રહેશે. |
| ૬ | જયાં લાગુ પડતુ હોય ત્યાં કાઉન્સીલના રજીસ્ટ્રીશેનની નકલ રજુ કરવાની રહેશે. |